આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૨૩-૧૧-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## ચિંતન શિબિર-સોમનાથ

**સોમનાથ ખાતે રાજ્ય સરકારની યોજાયેલી 11મી ચિંતન શિબિરનો આજે છેલ્લો દિવસ છે. શિબિરમાં ગઈકાલે રાજ્યમાં રોજગારીની નવી તક ઊભી કરવી, ગ્રામ્ય વિસ્તારોમાં આવક વધારવી, પ્રવાસન વિકાસમાં જિલ્લા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું યોગદાન સહિતના વિષયો પર ચિંતન કરાયું હતું.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં યોજાયેલી આ શિબિરમાં રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, વરિષ્ઠ સચિવો અને અધિકારીઓએ વિવિધ વિષયો પર સમૂહચર્ચા પણ કરી હતી.**

**ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ 100 ટકા લાભાર્થી સુધી પહોંચાડવા સંતૃપ્ત અભિગમથી સાથે મળી આગળ વધવા અને પ્રત્યેક લાભાર્થીને આવરી લેવા સંદર્ભે પણ માર્ગદર્શન અપાયું હતું.**

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

----------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સાથે તેમના વિચારો રજૂ કરશે. મન કી બાતની આ રવિવારની 116મી કડી હશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને Newsonair મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. તે એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ લાઈવ-સ્ટ્રીમ થશે.

આકાશવાણી હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ કરશે.

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

---

## વાવ વિધાનસભા પેટા ચુંટણી

વાવ વિધાસભાની પેટાચૂંટણીનું પરિણામ આવી ગયું છે. ભાજપના સ્વરૂપજી ઠાકોરની 2,442 મતની લીડથી કોંગ્રેસના ગુલાબસિંહ સામે જીત થઇ છે. 13 નવેમ્બરના રોજ મતદાન થયુ હતું. આજે પાલનપુરના જગાણા સ્થિત સરકારી ઈજનેરી કોલેજ ખાતે મતગણતરી હાથ ધરાઇ હતી, જેમાં 23 રાઉન્ડની આ મતગણતરીમાં 20 રાઉન્ડ સુધી આગળ રહેલા કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને પાછડ રાખીને ભાજપના સ્વરૂપજી ઠાકોરે જીત મેળવી છે.

**(NP/આરતી ભટ્ટ)**

---

## સાબરમતી રીવરફ્રન્ટ- પુસ્તક મેળો

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે 30 નવેમ્બરથી આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવનો પ્રારંભ થશે. આઠ ડિસેમ્બર સુધી યોજાનારા આ મહોત્સવનું આયોજન અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કરાયું છે. મહોત્સવમાં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ત્રણેય ભાષાના વિવિધ પુસ્તકોની 315થી વધુ હાટડીઓ હશે.

સવારે 11 વાગ્યાથી રાત્રે નવ વાગ્યા સુધી યોજાનારા આ મહોત્સવમાં દરેક લોકો નિઃશુલ્ક પ્રવેશ મેળવી શકશે.

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

---

## પુર્વ કચ્છ-ગેરકાયદે સોપારી

પૂર્વ કચ્છ સ્થાનિક ગુના શાખાએ દુબઈથી ગેરકાયદે લવાયેલા સોપારીના જથ્થા સાથે ત્રણ આરોપીને પકડી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓ કરચોરીથી બચવા માટે નકલી કાગળો બનાવી આ જથ્થો ગેરકાયદેસર રીતે રાજ્યમાં લાવી રહ્યા હતા.

આરોપીઓ પાસેથી એક કરોડ 61 લાખ 85 હજાર રૂપિયાની કિંમતના 53 હજાર 950 કિલો સોપારીનો જથ્થા સહિત સવા બે કરોડ રૂપિયાનો માલસામાન કબજે કરાયો છે.

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

---

## રોજગાર ભરતી મેળો-અંજાર

કચ્છ જિલ્લાના રોજગાર વાચ્છુંક ઉમેદવારો માટે જિલ્લા રોજગાર કચેરી, ભુજ તથા ઔદ્યોગિક તાલીમ સંસ્થા અંજારના સંયુક્ત ઉપક્રમે તારીખ 26મી નવેમ્બર 2024ના સવારે 10 વાગ્યે અંજાર ખાતે જિલ્લાકક્ષાના એપ્રેન્ટીસશીપ અને રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં આઇટીઆઇ પાસ, ધોરણ ૧૨ પાસ, ગ્રેજ્યુએટ જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો આ ભરતી મેળામાં ઉપસ્થિત રહી શકશે. ઉંમર મર્યાદા ૧૮ થી ૩૫ની રહેશે. આ એપ્રેન્ટીસશીપ અને રોજગાર ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ હાજર રહી તેમની ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરશે. તેવુ આઇ.ટી.આઇ અંજારના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

**(માહિતી ખાતુ/આરતી ભટ્ટ)**

---

RNU BHUJ

## પશુધન-વસ્તી ગણતરી

કચ્છ જિલ્લામાં 21મી પશુ વસ્તી ગણતરી-2024 અંતર્ગત પશુધનની વસ્તી ગણતરી કરવાની કામગીરી ચાલી રહી છે. દર પાંચ વર્ષે યોજાતી પશુ ગણતરીનો આરંભ 21મી નવેમ્બરથી થયો છે. જેમાં જિલ્લામાં 1014 ગ્રામ્ય અને ૫૯ સહિત 1063 પોઈન્ટ પર પશુધનની ગણતરીની કામગીરી કરવામાં આવશે. જે આગામી આગામી 2025 સુધી પૂર્ણ કરવામાં આવશે

**(NP/આરતી ભટ્ટ)**

---

## ઠંડી

રાજ્યમાં ધીરે ધીરે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. ગઈકાલે રાજ્યના 13 શહેરોમાં તાપમાન 17 ડિગ્રીથી ઓછું નોંધાયું હતું.જેમાં સૌથી ઓછું કચ્છ જીલ્લાના નલિયામાં 12 ડિગ્રી તાપમાન નોધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં હજુ પણ એક કે બે ડિગ્રીનો ઘટાડો થશે.

**(NP/આરતી ભટ્ટ)**

---

RNU BHUJ